# આત્મનિર્ભર ભારત

सत्यमेव जयते

Government Of India

ભાગ-1 : એમએસએમઈ સહિત વ્યવસાયો

13.05.2020



05-05-2020

# પ્રધાનમંત્રીનું વિઝન

- આત્મનિર્ભર કે સ્વનિર્ભર ભારત આંદોલનની અપીલ
- આત્મનિર્ભર ભારતનાં પાંચ આધારસ્તંભો – અર્થતંત્ર, માળખાગત સુવિધા, વ્યવસ્થા, વાઇબ્રન્ટ ડેમોગ્રાફી (જીવંત વસ્તી) અને માગ
- રૂ. 20 લાખ કરોડનું વિશેષ આર્થિક અને વિસ્તૃત પેકેજ – ભારતની જીડીપીના 10 ટકાને સમકક્ષ
- સમાજનાં વિવિધ સમુદાયોને પેકેજ ઉપયોગી બનશે,
  જેમાં કુટિર ઉદ્યોગ, એમએસએમઈ, શ્રમિકો, મધ્યમ વર્ગ, ઉદ્યોગો વગેરે સામેલ છે
- તમામ ક્ષેત્રોમાં સાહસિક સુધારાઓથી દેશને સ્વનિર્ભર બનવામાં વેગ મળશે
- અત્યારે આપણા સ્થાનિક ઉત્પાદનોને ટેકો આપવાનો અને
  તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવાનો સમય છે.



# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ (1)

ગરીબો માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત રૂ. 1.70 લાખ કરોડનું રાહત પેકેજ, જે તેમને કોરોનાવાયરસ સામેની લડાઈમાં મદદરૂપ પુરવાર થશેઃ

- હેલ્થ વર્કર્સને રૂ. 50 લાખનું વીમાકવચ
- આગામી 3 મહિના માટે વ્યક્તિદીઠ 5 કિલોગ્રામ ઘઉં કે ચોખા આપવામાં આવશે,
  જેનો લાભ 80 કરોડ લોકોને લાભ મળશે
- આગામી 3 મહિના માટે દર મહિને દરેક કુટુંબને 1 કિલો દાળ કે કઠોળ
- આગામી 3 મહિના માટે દર મહિને 20 કરોડ મહિલા જન ધન ખાતાધારકોને રૂ. 500
- નિઃશુલ્ક, ગેસ સીલિન્ડર, આગામી 3 મહિના માટે 8 કરોડ ગરીબ પરિવારોને આપવામાં આવે છે
- મનરેગા વેતન વધારીને દરરોજ રૂ. 202 કર્યું, જે અગાઉ રૂ. 182 હતું,
  જેનો લાભ 13.62 કરોડ કુટુંબોને મળશે
- 3 કરોડ ગરીબ નબળાં વરિષ્ઠ નાગરિકો, ગરીબ વિધવાઓ અને ગરીબ દિવ્યાંગોને રૂ. 1,000ની રહેમરાહે સહાય






# પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ (2)

- પીએમ-કિસાન અંતર્ગત 8.7 કરોડ ખેડૂતોને અગાઉથી રૂ. 2,000 કરોડનાં હપ્તાની ચુકવણી
- બિલ્ડિંગ એન્ડ કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલ્ફેર ફંડનો ઉપયોગ કામદારોને રાહત પ્રદાન કરવાની મંજૂરી
- 100 કામદારોથી ઓછા કર્મચારીઓ ધરાવતા વ્યવસાયોમાં દર મહિને રૂ. 15,000થી ઓછી આવક ધરાવતા લોકોને આગામી ત્રણ મહિના સુધી તેમના પીએફ ખાતાઓમાં દર મહિને માસિક વેતનનો 24 ટકા હિસ્સો જમા થશે
- એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ ઇપીએફ અંતર્ગત રજિસ્ટર્ડ પાંચ કરોડ કામદારોને વેતનના 75 ટકા કે ત્રણ મહિનાના વેતન, આ બેમાંથી જે રકમ ઓછી હશે એ રકમ તેમના ખાતામાં જમા થશે, જે નોન-રિફંડેબલ છે
- મહિલા સ્વયંસહાય જૂથો માટે જામીનદાર મુક્ત ધિરાણની મર્યાદા રૂ. 10 લાખથી વધારીને રૂ. 20 લાખ કરવામાં આવી, જેનાથી 6.85 કરોડ કુટુંબોને ટેકો મળ્યો
- ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ (ડીએમએફ)નો ઉપયોગ તબીબી પરીક્ષણ, નિરીક્ષણ વગેરે પૂરક સુવિધાઓ માટે અને અન્ય સુવિધાઓ વધારવા માટે થશે



# અન્ય પગલાં - 1

- ભારત સરકારની વિનંતી પર આરબીઆઈએ રાજ્યોના આવકની રીતો અને માધ્યમોની આગોતરી મર્યાદા વધારીને 60 ટકા સુધી કરી અને ઓવરડ્રાફ્ટ ડ્યુરેશન મર્યાદા વધારી
- રૂ. 5 લાખ સુધીનું આવકવેરાનું વિલંબિત રિફંડ ચુકવવામાં આવ્યું, જેનો આશરે 14 લાખ કરદાતાઓને તાત્કાલિક લાભ થયો
- તમામ પેન્ડિંગ રિફંડ અને ડ્રોબેક ક્લેઇમ માટે “સ્પેશ્યલ રિફંડ એન્ડ ડ્રોબેક ડિસ્પોઝલ ડ્રાઇવ”નો અમલ કર્યો
- ઉપરોક્ત બંને પગલાંમાં રૂ. 18,000 કરોડનું રિફંડ ચુકવાશે
- ઇમરજન્સી હેલ્થ રિસ્પોન્સ પેકેજ માટે રૂ. 15,000 કરોડ મંજૂર થયા



# અન્ય પગલાં – 2

- કાયદેસર અને પૂર્તતાની બાબતમાં છૂટછાટ આપવામાં આવી, જેમ કે –
  - આવકવેરા રિટર્ન ભરવા માટેની છેલ્લી તારીખ લંબાવીને 30 જૂન, 2020 કરવામાં આવી
  - જીએસટી રિટર્ન ભરવાની તારીખ જૂન, 2020ના અંત સુધી લંબાવવાની આવી
  - 30 જૂન, 2020 સુધી 24*7 કસ્ટમ ક્લીઅરન્સ
  - ડેબિટ કાર્ડધારકો માટે 3 મહિના કોઈ પણ એટીએમમાંથી રોકડ રકમ ઉપાડવાની છૂટ વગેરે
  - મોટર વાહન અને હેલ્થ વીમા પોલિસીઓ માટે 15 મે, 2020 અગાઉ ચુકવણી કરવાની સુવિધા
  - બોર્ડની ફરજિયાત બેઠકનો ગાળો 60 દિવસ લંબાવીને 30 સપ્ટેમ્બર સુધી કરાયો
  - ઇ-મતદાન/મતદાનની સરળ સુવિધા સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા અસાધારણ સામાન્ય બેઠકો યોજવાની છૂટ



# રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ લીધેલા પગલાં

- કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં ઘટાડો થવાથી લિક્વિડિટીમાં રૂ. 1,37,000 કરોડનો વધારો થયો
- ઇન્વેસ્ટમેન્ટ ગ્રેડ (રોકાણના સ્તરનાં) કોર્પોરેટ બોન્ડ, કમર્શિયલ પેપર અને નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સમાં નવું રૂ. 1,00,050 કરોડનું ટાર્ગેટેડ લોંગ ટર્મ રેપો ઓપરેશન્સ (ટીએલટીઆરઓ)
- તેમાંથી રૂ. 50,000 કરોડના ટીએલટીઆરઓનું રોકાણ એનબીએફસી અને એમએફઆઈના ઇન્વેસ્ટમેન્ટ ગ્રેડ બોન્ડ્સ, કમર્શિયલ પેપર અને નોન-કન્વર્ટિબ્લ ડિબેન્ચર્સમાં
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (એમએસએફ) અંતર્ગત બેંકનાં ઓવરનાઇટ ઋણની મર્યાદા વધારવામાં આવી, જેનાથી બેંકિંગ સિસ્ટમમાં ઘટેલા એમએસએફ દર પર વધારાની રૂ. 1,37,000 કરોડની નાણાકીય પ્રવાહિતતાનો લાભ મળ્યો



# રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ લીધેલા પગલાં

- નાબાર્ડ, સિડબી અને એનએચબીને નીતિગત રેપોરેટ પર રૂ. 50,000 કરોડની વિશેષ પુનઃધિરાણની સુવિધાની જાહેરાત
- નાણાકીય પ્રવાહિતતાની અતિ ખેંચને દૂર કરવા મ્યુચ્યુઅલ ફંડો માટે રૂ. 50,000 કરોડનું સ્પેશ્યલ લિક્વિડફંડ (એસએલએફ) ઊભું કરવાની જાહેરાત
- તમામ ટર્મ લોનના સંબંધમાં કાર્યકારી મૂડીની સુવિધાઓ પર વ્યાજ પર ચુકવણી અને હપ્તની ચુકવણીમાં ત્રણ મહિનાનો મોરેટોરિયમનો લાભ
- ઘટાડેલા માર્જિન દ્વારા કાર્યકારી મૂડીના ધિરાણને સરળ બનાવવું
- કમર્શિયલ રિયલ એસ્ટેટ સેક્ટરને એનબીએફસી દ્વારા આપેલી લોનની ચુકવણી કરવા માટેનો સમય કમર્શિયલ કામગીરી શરૂ કરવા માટેની તારીખથી (ડીસીસીઓ) વધુ એક વર્ષ આપવામાં આવશે



# એમએસએમઈ સહિત વ્યવસાયો

1. એમએસએમઈ સહિત વ્યવસાયો માટે રૂ. 3 લાખ કરોડની બાંયધરીમુક્ત ફ્રી ઓટોમેટિક લોન
2. એમએસએમઈ માટે રૂ. 20,000 કરોડનું સબઓર્ડિનેટ ફંડ
3. એમએસએમઈ ફંડ ઓફ ફંડ્સ દ્વારા રૂ. 50,000 કરોડનું ઇક્વિટી ઉમેરણ
4. એમએસએમઈની નવી પરિભાષા
5. રૂ. 200 કરોડ સુધીનાં આંતરરાષ્ટ્રીય ટેન્ડરને મંજૂરી નહીં
6. એમએસએમઈ માટે અન્ય પગલાં
7. 3 મહિન માટે વ્યવસાયો અને કામદારો માટે રૂ. 2500 કરોડનો ઇપીએફ ટેકો
8. 3 મહિના માટે વ્યવસાય અને કાર્યકરો માટે ઇપીએફ પ્રદાનમાં ઘટાડો – રૂ. 6750 કરોડ
9. એનબીએફસી/એચએફસી/એમએફઆઇ માટે રૂ. 30,000 કરોડની નાણાકીય પ્રવાહિતતાની સુવિધા
10. એનબીએફસી માટે રૂ. 45,000 કરોડની આંશિક ક્રેડિટ ગેરન્ટી સ્કીમ 2.0
11. વીજ વિતરણ કંપનીઓ માટે રૂ. 9,000 કરોડની નાણાકીય પ્રવાહિતતા ઉમેરવામાં આવી
12. કોન્ટ્રાક્ટરોને રાહત
13. રેરા અંતર્ગત રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સની નોંધણી અને પૂર્ણ થવાની તારીખ લંબાવવામાં આવી
14. ટીડીએસ/ટીસીએસ ઘટાડા દ્વારા રૂ. 50,000 કરોડનું મૂડી ઉમેરણ
15. પ્રત્યક્ષ કરવેરાના અન્ય પગલાં
16. પ્રત્યક્ષ કરવેરાના અન્ય પગલાં

એમએસએમઈ સહિત વ્યવસાયો માટે રૂ. 3 લાખ કરોડની બાંયધરીમુક્ત ઓટોમેટિક લોન

- કોવિડ19ને કારણે અતિ અસર પામેલા વ્યવસાયો કે એમએસએમઈને વધેલી કાર્યકારી જવાબદારીઓ પૂર્ણ કરવા, કાચો માલ ખરીદવા અને વ્યવસાયને પુનઃ શરૂ કરવા વધારાના ફંડની જરૂર છે
- નિર્ણય: 29.2.2020ના રોજ બાકી નીકળતી સંપૂર્ણ લોનના 20 ટકા સુધી બેંકો અને એનબીએફસી પાસેથી વ્યવસાયો કે એમએસએમઈને ઇમરજન્સી ક્રેડિટ લાઇન
  - રૂ. 25 કરોડ સુધીની બાકી નીકળતી ચુકવણી અને રૂ. 100 કરોડનું ટર્નઓવર ધરાવતા ઋણધારકો
  - લોન મુદ્દલની ચુકવણી પર 12 મહિનાનાં મોરેટોરિયમ સાથે 4 વર્ષની મુદ્દત ધરાવશે
  - વ્યાજની ટોચમર્યાદા લાગુ કરવામાં આવશે
  - મુદ્દલ અને વ્યાજ પર બેંકો અને એનબીએફસીને 100 ટકા ક્રેડિટની ગેરન્ટીનું કવચ
  - સ્કીમનો લાભ 31 ઓક્ટોબર, 2020 સુધી લઈ શકાશે
  - ગેરન્ટી ફી નહીં, નવી બાંયધરી નહીં
- 45 લાખ યુનિટ વ્યાવસાયિક પ્રવૃત્તિ ફરી શરૂ કરી શકે છે અને રોજગારી જાળવી શકે છે.



# નાણાકીય ખેંચનો સામનો કરતા એમએસએમઈ માટે રૂ. 20,000 કરોડનું સબઓર્ડિનેટ ડેટ

- નાણાકીય ખેંચ અનુભવતા એમએસએમઈને ઇક્વિટીના ટેકાની જરૂર છે
- ભારત સરકારે સબઓર્ડિનેટ ડેટ સ્વરૂપે રૂ. 20,000 કરોડની જોગવાઈ કરશે
- એનાથી બે લાખ એમએસએમઈને લાભ થવાની શક્યતા છે
- એનપીએ ધરાવતી કે નાણાકીય ખેંચનો સામનો કરતા અને કાર્યરત એમએસએમઈ નાણાકીય સહાય મેળવવાને લાયક બનશે
- સરકાર સીજીટીએમએસઈને રૂ. 4,000 કરોડનો ટેકો આપશે
- સીજીટીએમએસઈ બેંકોને આંશિક ક્રેડિટ ગેરન્ટી સપોર્ટ આપશે.
- એમએસએમઈના પ્રમોટરને બેંકો ડેટ આપશે, જે પછી યુનિટમાં ઇક્વિટી તરીકે પ્રમોટર્સ દ્વારા ઉમેરવામાં આવશે





## ફંડ ઓફ ફંડ્સ દ્વારા એમએસએમઈ માટે રૂ. 50,000 કરોડની ઇક્વિટીનો ઉમેરો

- એમએસએમઈ ઇક્વિટીની તીવ્ર ખેંચ અનુભવે છે.
- રૂ. 10,000 કરોડના ભંડોળ સાથે ફંડ ઓફ ફંડ્સ સ્થાપિત કરવામાં આવશે.
- વૃદ્ધિની સંભવિતતા અને વ્યવહારિકતા સાથે એમએસએમઈ માટે ઇક્વિટી ફંડિંગ પ્રદાન કરવામાં આવશે.
- ફંડ ઓફ ફંડ્સ (એફઓએફ) મધર ફંડ અને થોડા ડોટર ફંડ્સ દ્વારા ઓપરેટ થશે.
- ફંડનું માળખું ડોટર ફંડના સ્તરે રૂ. 50,000 કરોડના ફંડનો ઉપયોગ કરવામાં મદદરૂપ થશે.
- એમએસએમઈની સાઇઝ અને ક્ષમતા બંનેમાં વધારો કરવામાં મદદરૂપ થશે.
- સ્ટોક એક્સચેન્જના મેઇન બોર્ડ પર એમએસએમઈનું લિસ્ટિંગ કરવા પ્રોત્સાહન આપશે.



## એમએસએમઈની નવી પરિભાષા

- એમએસએમઈની પરિભાષા માટે ઓછી મર્યાદાથી તબક્કાવાર રીતે ફાયદા ઓછા કરવામાં આવશે એવો ડર ફેલાયો હતો એટલે વૃદ્ધિ કરવાનો ઉત્સાહ ઓસરી રહ્યો હતો.
- આ કારણે લાંબા સમયથી આ મર્યાદા વધારવાની માંગણી કરવામાં આવી છે.

જાહેરાતો:

- એમએસએમઈની પરિભાષા સુધારવામાં આવશે
- રોકાણની મર્યાદા સંશોધન કરીને સંવર્ધિત કરવામાં આવશે.
- ટર્નઓવરનો વધારાનો માપદંડ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.
- ઉત્પાદન અને સેવા ક્ષેત્ર વચ્ચેનો ફરક દૂર કરવામાં આવશે.
- કાયદામાં જરૂરી સુધારા કરવામાં આવશે.



# એમએસએમઇની વર્તમાન અને સંશોધિત પરિભાષા

| એમએસએમઈનું હાલનું વર્ગીકરણ | | | |
|---|---|---|---|
| માપદંડ: પ્લાન્ટ અને મશીનર અથવા ઉપકરણમાં રોકાણ | | | |
| વર્ગીકરણ | અતિ નાનાં | નાનાં | મધ્યમ |
| ઉત્પાદક ઉદ્યોગસાહસો | રોકાણ <રૂ. 25 લાખ | રોકાણ <રૂ. 5 કરોડ | રોકાણ <રૂ. 10 કરોડ |
| સેવાઓ પૂરી પાડતા ઉદ્યોગસાહસો | રોકાણ <રૂ. 10 લાખ | રોકાણ <રૂ. 2 કરોડ | રોકાણ <રૂ. 5 કરોડ |

| એમએસએમઈનું સંશોધિત વર્ગીકરણ | | | |
|---|---|---|---|
| સંયુક્ત માપદંડ: રોકાણ અને વાર્ષિક ટર્નઓવર | | | |
| વર્ગીકરણ | અતિ નાનાં | નાનાં | મધ્યમ |
| ઉત્પાદન અને સેવાઓ | રોકાણ <રૂ. 1 કરોડ<br>અને<br>ટર્નઓવર <રૂ. 5 કરોડ | રોકાણ <રૂ. 10 કરોડ<br>અને<br>ટર્નઓવર <રૂ. 50 કરોડ | રોકાણ <રૂ. 20 કરોડ<br>અને<br>ટર્નઓવર <રૂ. 100 કરોડ |

રૂ. 200 કરોડ સુધીના આંતરરાષ્ટ્રીય ટેન્ડરને મંજૂરી નહીં

- ભારતીય એમએસએમઈ અને અન્ય કંપનીઓ ઘણી વાર વિદેશી કંપનીઓની અનુચિત સ્પર્ધાનો સામનો કરે છે.
- એટલે રૂ. 200 કરોડ સુધીના સરકારી ખરીદીના ટેન્ડરમાં આંતરરાષ્ટ્રીય ટેન્ડરની મંજૂરી નહીં મળે.
- સાધારણ નાણાકીય બાબતોના નિયમોમાં જરૂરી સુધારાનો અમલ થશે.
- આ આત્મનિર્ભર ભારત તરફ અને મેક ઇન ઇન્ડિયાને ટેકો આપતું પગલું બનશે.
- એમએસએમઈને એમનો વ્યવસાય વધારવા આ મદદરૂપ પણ થશે.



## એમએસએમઈ માટે અન્ય પગલાં

- અત્યારે એમએસએમઈ કોવિડને કારણે માર્કેટિંગ અને નાણાકીય પ્રવાહિતતાની સમસ્યાનો સામનો કરે છે.
- એમએસએમઈ માટે ઇ-માર્કેટ લિન્કેજને વેપારી મેળાઓ અને પ્રદર્શનો માટે રિપ્લેસમેન્ટ તરીકે પ્રોત્સાહન આપવામાં આવશે.
- ફિનટેક ઇ-માર્કેટપ્લેસ દ્વારા જનરેટ થયેલા ડેટાનો ઉપયોગ કરીને નાણાકીય વ્યવહાર આધારિત ધિરાણમાં વધારો કરશે.
- સરકાર અને કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો પાસેથી એમએસએમઈ વિક્રેતાઓને બાકી નીકળતી રકમને સેટલ કરવા સરકાર સતત નજર રાખી રહી છે.
- સરકારી અને સીપીએસઇ 45 દિવસમાં એમએસએમઈને ચુકવણી કરશે



## 3 મહિના માટે બિઝનેસ અને કામદારો માટે ઇપીએફમાં રૂ. 2500 કરોડનો ટેકો

- વ્યવસાયો માટે નાણાકીય ખેંચ જળવાઈ રહેશે, કારણ કે કામગીરી ફરી શરૂ થશે.
- પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (પીએમજીકેપી) અંતર્ગત લાયકાત ધરાવતી કંપનીઓના ઇપીએફ ખાતાઓમાં કંપનીનાં 12 ટકા અને કર્મચારીઓનાં 12 ટકા પ્રદાનની ચુકવણી કરવામાં આવશે.
- આ માર્ચ, એપ્રિલ અને મે, 2020ના પગારનાં મહિનાઓ માટે અગાઉ પ્રદાન કરવામાં આવ્યું હતું.
- આ ટેકો જૂન, જુલાઈ અને ઓગસ્ટ, 2020ના પગારનાં વધુ 3 મહિન માટે આપવામાં આવશે
- એનાથી 3.67 લાખ કંપનીઓ અને 72.22 લાખ કર્મચારીઓને રૂ. 2500 કરોડની નાણાકીય પ્રવાહિતતા મળશે.



## 3 મહિના માટે બિઝનેસ અને કામદારો માટે ઇપીએફમાં પ્રદાન – રૂ. 6750 કરોડના નાણાકીય પ્રવાહિતતાનો ટેકો

- આગામી ત્રિમાસિક ગાળામાં ઉત્પાદનમાં વધારો કરવા વ્યવસાયોને ટેકાની જરૂર છે
- કર્મચારીઓના હાથમાં વધારે પગાર આવે એ જરૂરી છે અને તેમને પ્રોવિડન્ટ ફંડની બાકી નીકળતી રકમમાં રાહત મળે એ પણ જરૂરી છે.
- એટલે આગામી 3 મહિના માટે ઇપીએફઓ અંતર્ગત આવરી લેવાયેલી તમામ કંપનીઓ માટે કંપની અને કર્મચારી એમ બંનેનું કાયદેસર પીએફ પ્રદાન હાલનાં 12 ટકાથી ઘટીને 10 ટકા થશે.
- જોકે કેન્દ્ર સરકારનાં એકમો અને સરકારી કંપનીઓ કંપની પ્રદાન તરીકે 12 ટકા પ્રદાન કરશે.
- આ યોજના પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ અને એના લંબાયેલી મુદ્દત અંતર્ગત 24 ટકા ઇપીએફનો ટેકો ન મેળવવાને પાત્ર કામદારોને પણ લાગુ થશે.
- આ ઇપીએફઓ અંતર્ગત આવરી લેવામાં આવેલી આશરે 6.5 લાખ સંકુલો અને આશરે 4.3 કરોડ કર્મચારીઓને રાહત પ્રદાન કરશે.
- આ 3 મહિના કંપનીઓ અને કર્મચારીઓને રૂ. 6760 કરોડની નાણાકીય પ્રવાહિતતા પ્રદાન કરશે.



# એનબીએફસી/એચએફસી/એમએફઆઇ માટે રૂ. 30,000 કરોડની સ્પેશ્યલ લિક્વિડિટી સ્કીમ

- એનબીએફસી/એચએફસી/એમએફઆઈને ડેટ બજારોમાં નાણાં ભંડોળ ઊભું કરવામાં મુશ્કેલ પડી રહી છે.
- સરકાર રૂ. 30,000 કરોડની સ્પેશ્યલ લિક્વિડિટી સ્કીમ લોંચ કરશે
- આ યોજના અંતર્ગત રોકાણ એનબીએફસી/એચએફસી/એમએફઆઈના ઇન્વેસ્ટમેન્ડ ગ્રેડના ડેટ પેપરમાં પ્રાઇમરી અને સેકન્ડરી માર્કેટ એમ બંને વ્યવહારોમાં રોકાણ કરવામાં આવશે
- નાણાકીય પ્રવાહિતતા વધારવા આરબીઆઈ/સરકારી પગલાં પૂરક બનશે
- સીક્યોરિટી ભારત સરકાર દ્વારા સંપૂર્ણપણે ગેરન્ટી ધરાવશે
- એનાથી એનબીએફસી/એચએફસી/એમએફઆઈ અને મ્યુચ્યુઅલ ફંડોને નાણાકીય પ્રવાહિતતાનો ટેકો મળશે તથા બજારમાં વિશ્વાસ પેદા થશે.



# Rs 45,000 crore Partial Credit Guarantee Scheme 2.0 for NBFCs

- નીચે ક્રેડિટ રેટિંગ ધરાવતી એનબીએફસી, એચએફસી અને એમએફઆઈને એમએસએમઈ અને વ્યક્તિઓને નવું ધિરાણ આપવા નાણાકીય પ્રવાહિતતાની જરૂર પડશે
- હાલની પીસીજીએસ યોજનાને આ પ્રકારની કંપનીઓના બોન્ડ્સ/સીપી (બેલેન્સ શીટની જવાબદારી) ઇશ્યૂ કરવા જેવા ઋણને આવરી લેવા માટે લંબાવવામાં આવશે
- પ્રથમ 20 ટકા નુકસાન ગેરેન્ટર એટલે કે ભારત સરકાર ઉઠાવશે
- AA પેપર અને એનાથી નીચું રેટિંગ ધરાવતા જેમાં અનરેટેડ પેપર સામેલ છે, તેઓ રોકાણ મેળવવાને પાત્ર છે (આ ઘણી એમએફઆઈ માટે ખાસ પ્રસ્તુત છે)
- આ યોજના રૂ. 45,000 કરોડની નાણાકીય પ્રવાહિતતા ઉમેરશે



# વીજ વિતરણ કંપનીઓ માટે રૂ. 90,000 કરોડની નાણાકીય પ્રવાહિતતા ઉમેરવામાં આવી



- વીજ વિતરણ કંપનીઓ (ડિસ્કોમ)ની આવકમાં ઘટાડો થયો છે.
- માગમાં ઘટાડા સાથે રોકડ પ્રવાહની અભૂતપૂર્વ સમસ્યા ઊભી થઈ છે
- વીજ વિતરણ કંપનીઓને અત્યારે વીજ ઉત્પાદક અને ટ્રાન્સમિશન કંપનીઓને રૂ. 94,000 કરોડની ચુકવણી કરવાની છે
- પીએફસી/આરઇસી આવક સામે વીજ વિતરણ કંપનીઓને રૂ. 90,000 કરોડની નાણાકીય પ્રવાહિતતા ઉમેરશે
- વીજ વિતરણ કંપનીઓની ઉત્પાદક કંપનીઓ પ્રત્યેની જવાબદારી અદા કરવાના એકમાત્ર આશય માટે સ્ટેટ ગેરેન્ટીઓ સામે લોન આપવામાં આવશે
- ચોક્કસ પ્રવૃત્તિઓ/સુધારાઓ સાથે જોડાણ: ઉપભોક્તાઓ માટે ડિસ્કોમ દ્વારા ડિજિટલ ચુકવણીની સુવિધા, રાજ્ય સરકારોને બાકી નીકળતી રકમ માટે લિક્વિડેશન, નાણાકીય અને કાર્યકારી નુકસાન ઘટાડવા યોજના
- કેન્દ્ર સરકારની વીજ ઉત્પાદક કંપનીઓ વીજ વિતરણ કંપનીઓને રિબેટ આપશે, જે અંતિમ ઉપભોક્તાઓ (ઉદ્યોગો)ને આપવામાં આવશે

# કોન્ટ્રાક્ટરોને રાહત

- કેન્દ્ર સરકારની તમામ સંસ્થાઓ (રેલવે, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ વગેરે જેવી) દ્વારા 6 મહિના સુધીનું એક્ષ્ટેન્શન આપવામાં આવશે (કોન્ટ્રાકટરનાં ખર્ચ વિના)
  - કવચમાં નિર્માણ/કાર્યો તથા ચીજવસ્તુઓ અને સેવાઓના કોન્ટ્રાક્ટને આવરી લેવામાં આવશે
  - કાર્ય પૂર્ણ કરવું, વચગાળાના ઉદ્દેશો વગેરે જેવી જવાબદારીઓ તથા પીપીપી કરારોમાં છૂટછાટનો ગાળો લંબાવવો
- કોન્ટ્રાક્ટ આંશિક રીતે પૂર્ણ થશે એ હદ સુધી સરકારી સંસ્થાઓ બેંક ગેરન્ટીઓ રીલિઝ કરશે, જેથી રોકડ પ્રવાહ સરળતાપૂર્વક જળવાઈ રહેશે



# રેરા અંતર્ગત રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સની નોંધણી અને પૂર્ણ કરવાની તારીખ લંબાવવામાં આવી

- કોવિડને કારણે અસર થઈ અને પ્રોજેક્ટ રેરા સમયમર્યાદા ચૂકી જવાનું જોખમ ઊભું થયું છે.

  સમયમર્યાદા લંબાવવાની જરૂર પડશે.
- હાઉસિંગ અને શહેરી મંત્રાલય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને તથા તેમની નિયમનકારી સંસ્થાઓને નીચે મુજબની સલાહ આપશેઃ
  - રેરા અંતર્ગત કોવિડ-19ને *'કુદરતી આપત્તિ'* ગણવી
  - તમામ રજિસ્ટર થયેલા પ્રોજેક્ટ માટે નોંધણી અને પ્રોજેક્ટ પૂર્ણ થવાની તારીખ 25 માર્ચ, 2020ના રોજ કે એના પછી 6 મહિના લંબાવવામાં આવશે, કોઈ પણ વ્યક્તિગત અરજી વિના
  - જો જરૂર પડશે, તો નિયમનકારક સત્તામંડળો વધુ 3 મહિના લંબાવી શકાશે
  - નવા 'પ્રોજેક્ટ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ' સુધારેલી સમયમર્યાદા સાથે ઓટોમેટિક ઇશ્યૂ કરવી
  - સાથે સાથે રેરા અંતર્ગત વિવિધ કાયદેસર પૂર્તતા માટે સમયમર્યાદા લંબાવવી
- આ પગલાં રિયલ એસ્ટેટ ડેવલપર્સનો તણાવ ઘટાડશે અને પ્રોજેક્ટ પૂર્ણ થવાની સુનિશ્ચિત કરશે, જેથી ઘર ખરીદવા ઇચ્છતાં ગ્રાહકો નવી સમયમર્યાદા સાથે તેમણે બુક કરેલા ઘરની ડિલિવરી મેળવી શકશે.



# ટીડીએસ/ટીસીએસ દરમાં ઘટાડા દ્વારા રૂ. 50,000 કરોડની નાણાકીય પ્રવાહિતતા

- કરદાતાઓના હાથમાં વધારે ફંડ આપવા માટે બિનપગારદાર માટે રહેવાસીઓને કરવામાં આવતી ચુકવણી માટે ટેક્સ ડિડક્શન એટ સોર્સ (ટીડીએસ)નો દર અને ચોક્કસ આવક માટે ટેક્સ કલેક્શન એટ સોર્સ (ટીસીએસ)નો દર હાલનાં દરથી ઘટાડીને 25 ટકા કરવામાં આવશે.
- કોન્ટ્રાક્ટ, પ્રોફેશનલ ફી, વ્યાજ, ભાડું, ડિવિડન્ડ, કમિશન, બ્રોકરેજ વગેરે માટે ચુકવણી પર ટીડીએસના આ ઘટાડેલા દર લાગુ થશે.
- આ ઘટાડો નાણાકીય વર્ષ 2020-21ના બાકીના સમયગાળા માટે એટલે કે આવતીકાલથી 31 માર્ચ, 2020 સુધી લાગુ થશે.
- આ પગલાથી રૂ. 50,000 કરોડની નાણાકીય પ્રવાહિતતા ઊભી થશે.



# પ્રત્યક્ષ કરવેરાના અન્ય પગલાં

- પ્રોપ્રાઇટરશિપ, પાર્ટનરશિપ, એલએલપી અને કો-ઓપરેટિવ્સ સહિત ચેરિટેબલ ટ્રસ્ટ અને નોન-કોર્પોરેટ બિઝનેસ અને વ્યાવસાયિકોના બાકી નીકળતા તમામ રિફંડની તાત્કાલિક ધોરણે ચુકવણી કરવામાં આવશે.

- નાણાકીય વર્ષ 2019-20 માટે આવકવેરાના રિટર્ન ભરવાની તારીખ 31 જુલાઈ, 2020 અને 31 ઓક્ટોબર, 2020થી લંબાવીને 30 નવેમ્બર, 2020 કરવામાં આવશે તથા કરવેરાના ઓડિટની તારીખ 30 સપ્ટેમ્બર, 2020થી લંબાવીને 31 ઓક્ટોબર, 2020 કરવામાં આવશે.



# પ્રત્યક્ષ કરવેરાના અન્ય પગલાં

- આકારણીની તારીખ 30 સપ્ટેમ્બર, 2020થી વધારીને 31 ડિસેમ્બર, 2020 કરવામાં આવી અને જેમની આકારણીની તારીખ 31 માર્ચ, 2021 હશે એમની તારીખ 30મી સપ્ટેમ્બર, 2021 કરવામાં આવશે.
- વધારાની રકમ વિના ચુકવણી કરવા માટે વિવાદ સે વિશ્વાસ સ્કીમનો ગાળો લંબાવીને 31 ડિસેમ્બર, 2020 કરવામાં આવશે.



सत्यमेव जयते
Goverment Of India

# ધન્યવાદ